### ખેડા નગરપાલિકાના પારદર્શક વહિવટ સામે પ્રમુખે પ્રશ્નાર્થ ઉભો કર્યો : સભામાં ‘ કુલડીમાં ગોળ ભાંગ્યો ’

# ખેડા પાલિકાની સભામાં આપખૂદશાહીથી રોષ !

**ખેડા નગરપાલિકાના** સત્તાધીશોની સામાન્ય સભા બંધ બારણે યોજાતા આશ્ચર્ય




(પ્રતિનિધિ) ખેડા તા.8

ખેડા નગરપાલિકાની આર્થીક હાલત દિવસે દિવસે કથળી રહી છે, શાસકો સામે અનેક ફરિયાદો ઉઠી રહી છે. આ સ્થિતિમાં શાસકો હવે કુંડલીમાં ગોળ ભાંગતા હોય તેમ સામાન્ય સભા પણ બંધ બારણે યોજતાં આશ્ચર્યજનમ્યું છે. આ સામાન્ય સભામાં પત્રકારોની ઈરાદાપૂર્વક બાદબાકી કરવામાં આવી હતી. જેમાં પ્રમખે મુખ્ય રોલ ભજવ્યો હતો. આ અંગે ચીફ ઓફિસરે ચોથા સ્તંભની હાજરીની તરફેણ કરી હતી. પરંતુ પ્રમુખે આપખૂદ શાહી અપનાવતા રોષ જન્મ્યો હતો.

ખેડા નગરપાલિકાની આર્થીક હાલત ખખડી ગઈ છે, કોન્ટ્રાક્ટરો પણ કોર્ટમાં ઓર્ડર લાવી સામાન જપ્તી સુધી પહોંચી ગયાં છે. આ સ્થિતિમાં શાસકોએ લાજવાના બદલે ગાજવાની નીતિ અપનાવતા રોષ જન્મ્યો છે. આણંદ - ખેડા જિલ્લામાં શાખ ગુમાવી દેનારી ખેડા નગરપાલિકાની સામાન્ય સભા બંધ બારણે યોજવા પાછળનું કારણ ચર્ચાના ચગડોળે ચડ્યું છે. આ સભામાં ચોથી જાગીર એવા પત્રકારોને પ્રમુખે ઈરાદાપૂર્વક બેઠકથી દૂર રાખવામાં આવ્યાં છે.

ખેડા નગરપાલિકામા પાંચ મહિના પછી વિવિધ કમિટીઓને લઈને સામાન્ય સભા બોલાવવામા આવી હતી. કોઈ સંવેદનશીલ મુદ્દા વગર માત્ર એજેન્ડાના કામોને લઈને બોલાવવામા આવેલી આ સામાન્ય સભામાં માતરના ધારાસભ્ય અને ભાજપના જિલ્લા સંગઠનના મહામંત્રી પણ હાજર રહ્યા હતા. પરંતુ આ સામાન્ય સભામાં કોઈ મોટી પોલ ખુલ્લી પડવાની હોય તેમ ઈરાદાપૂર્વક પત્રકારોની બાદબાકી કરવામાં આવી હતી.

આશ્ચર્યજનક બાબત એ છે કે, ચીફ ઓફિસર કૈલાશબેન પ્રજાપતિએ પત્રકારોની હાજરીથી કોઈ વાંધો ન હોઈ શકે તેમ જણાવ્યું હતું. પરંતુ ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓની ચોક્કસ સિન્ડિકેટ દ્વારા પ્રમુખના અધ્યક્ષ સ્થાનની બેઠક હોવાથી પ્રમુખ નિર્ણય લઇ શકે તેમ જણાવ્યું હતું.

આ બાબતે પ્રમુખ જ્યોત્સનાબેન પટેલને પૂછતાં તેમને જણાવ્યું કે, તમારે જનરલ બોર્ડનુ કવરેજ કરવું હોય તો તમારે અગાઉના દિવસે અમારી પરમિશન લેવી પડે. સાથે જનરલ બોર્ડમાં કોઈ ગંભીર મુદ્દો હતો કે કેમ ? પૂછતાં તેમને જણાવ્યું હતુ કે એવો કોઈ ગંભીર મુદ્દો નહતો.

ઉલ્લેખનીય છે કે, ખેડા નગરપાલિકામાં શાસકોએ વહીવટ સંભાળ્યાને છ મહિના જ થયા છે અને વિવાદાસ્પદ નિર્ણયો લેવામાં આવી રહ્યાં છે. આથી, સામાન્ય પ્રજામાં પણ રોષની લાગણી જન્મી છે. જેની અસર આગામી ચૂંટણી પર પડશે.

### યાત્રાધામ ડાકોર મંદિર તરફ સ્પેશિયલ બસો દોડાવવામાં આવશે

# રક્ષાબંધનપર્વપર નડિયાદ ડેપો દ્વારા એક્સ્ટ્રા બસોનું આયોજન

**અમદાવાદ,** વડોદરા, દાહોદ, પંચમહાલ તરફના ઘસારાને પહોંચી વળવા આયોજન

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

રક્ષાબંધનના પાવન પર્વને લઈને નડિયાદ એસટી વિભાગ દ્વારા તમામ ડેપોમાંથી એક્સ્ટ્રા બસોની ફાળવણી કરવામાં આવી છે.

નડિયાદ ખાતેથી અમદાવાદ, વડોદરા, પંચમહાલ, ગોધરા તરફના ઘસારાને પહોંચી વળવા માટે એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. પૂનમના પગલે ડાકોર અને વડતાલ તરફ પણ એક્સ્ટ્રા બસો દોડશે.

આવતીકાલે શનિવારે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે. જેને લઈને નડિયાદ એસટી વિભાગ દ્વારા સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. આ એસટી વિભાગની અંદર ત્રણ જિલ્લા ખેડા, આણંદ અને મહિસાગર જિલ્લાના 11 ડેપોનો સમાવેશ થાય છે. જેમાં ખેડા, આણંદ, નડિયાદ, બોરસદ, ખંભાત, પેટલાદ, માતર, કપડવંજ, ડાકોર, બાલાસિનોર, મહુધા ડેપોમાંથી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. ગતરોજ એટલે કે, 7 ઓગસ્ટથી આ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે જે 11 ઓગસ્ટ સુધી આયોજન કરવામાં આવ્યું છે. નડિયાદ બસ ડેપોથી રક્ષાબંધન પર્વ પર દર વર્ષે વડોદરા, અમદાવાદ, પંચમહાલ, ગોધરા, ઝાલોદ તરફ મુસાફરોનો ભારે ઘસારો જોવા મળે છે. જેના પગલે ચાલુ વર્ષે પણ આ તરફ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. બીજી બાજુ આવતીકાલે પૂનમ હોવાથી યાત્રાધામ ડાકોર, અંબાજી, શામળાજી, વડતાલ ખાતે પણ એક્સ્ટ્રા બસોનું સંચાલન થશે. જેમાં જિલ્લાના યાત્રાધામ ડાકોર તરફ નડિયાદથી 15 બસો અને વડતાલ તરફ 5 જેટલી બસો ફાળવવામાં આવી છે.

### કપડવંજમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે ચાંદીની રાખડીઓ આકર્ષણનું કેન્દ્ર બની



શ્રાવણ બેસે એટલે ઉત્સવો શરૂ થાય તેમાંય ખાસ કરીને બહેનો ઉત્સવોમાં ભાવવિભોર થઈ જતી હોય છે. ભાઈ - બહેનનો પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન. રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ કપડવંજની બજારમાં બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. ખાસ કરીને ભાઈને હાથે બાંધવા રાખડીઓનું બજાર અને તેમાંય ખાસ કરીને ચાંદીની રાખડીઓ માટે ખાસ ઉત્સાહ જોવા મળતો હતો. જેમાં કપડવંજના નેશનલ પ્લાઝામાં આવેલા સુવર્ણ કૃપા જ્વેલર્સમાં ચાંદીની અવનવી રાખડીઓ મહિલાઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી અને તેને ખરીદવા મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. આ ઉપરાંત મીઠાઈ અને શિખંડની દુકાનો પણ આ પર્વ નિમિત્તે ગ્રાહકોથી ભરપૂર જોવા મળતી હતી.

**તસવીર : હરિશ જોષી**

### ખેડા જિલ્લાના ફૂડ વિભાગ દ્વારા કરાયેલા ચેકિંગનો સમય અને પ્રક્રિયા પર સવાલ

# ખેડા જિલ્લામાં તહેવારોના પગલે મિઠાઈ ફરસાણના 105 જેટલાં સેમ્પલ લેવાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

તહેવારોના દિવસોમાં જ્યારે લોકો મોટી માત્રામાં મીઠાઈઓ અને ફરસાણની ખરીદી કરે છે, ત્યારે ખાદ્ય સુરક્ષા અંગે તંત્ર દ્વારા કરવામાં આવતી કાર્યવાહીના સમય પર સવાલો ઊભા થયા છે. ખેડા જિલ્લામાં ફૂડ વિભાગ દ્વારા તહેવારોના અંતિમ દિવસોમાં તપાસ હાથ ધરવામાં આવી છે, જેના પરિણામો તહેવાર પૂરો થયા પછી લાંબા ગાળે આવશે, ત્યારે લોકોએ આ ચીજવસ્તુઓનું સેવન કરી લીધું હશે.






રક્ષાબંધન, જન્માષ્ટમી અને શ્રાવણ માસ જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ખેડા-નડિયાદ દ્વારા ફૂડ સેફ્ટી ઓફિસરોએ વિશેષ અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત, મીઠાઈ-ફરસાણના 65 એકમોની તપાસ કરવામાં આવી છે અને 105 નમૂનાઓનું સ્પોટ ટેસ્ટિંગ પણ કરાયું છે. જોકે, લેબોરેટરીમાં મોકલવામાં આવેલા નમૂનાઓના અંતિમ પરિણામો આવવામાં મહિનાઓનો સમય લાગી શકે છે. જ્યાં સુધી આ રિપોર્ટ્સ આવશે, ત્યાં સુધી તહેવાર પૂરો થઈ ચૂક્યો હશે અને લોકો આ મીઠાઈઓ અને ખાદ્ય ચીજવસ્તુઓનું મોટા પાયે સેવન કરી ચૂક્યા હશે.

આ પરિસ્થિતિ ખાદ્ય સુરક્ષાના હેતુ પર પ્રશ્નાર્થ ઊભો કરે છે. જો કોઈ નમૂનો અસલામત જણાય, તો પણ ત્યાં સુધીમાં તેનું વેચાણ થઈ ગયું હશે અને લોકોના સ્વાસ્થ્ય પર તેની અસર થઈ ચૂકી હશે. તેથી, તંત્ર દ્વારા આ પ્રકારની કાર્યવાહી તહેવારોના ઘણા સમય પહેલા શરૂ કરવાની જરૂરિયાત હોય છે, ત્યારે ફૂડ વિભાગની આ કાર્યવાહી કેટલી કારગત નીવળશે, તે અંગે ચર્ચાઓ ઉઠી છે.

# વડગામમાં ગેરકાયદે માટી ઉપાડી જતાં વાહનો જપ્ત

**ભૂસ્તરશાસ્ત્રીની** તપાસ ટીમે 3 એક્સવેટર મશીન તથા 10 ડમ્પર જપ્ત કરાયાં



(પ્રતિનિધિ) ખંભાત તા.8

આણંદ જિલ્લા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની તપાસ ટીમ દ્વારા ખંભાતના વડગામ ખાતેથી 3 એક્સવેટર મશીન તથા 10 ડમ્પર જપ્ત કરવામાં આવ્યાં હતાં.

આણંદ ખાતેની મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની કચેરી ખાતે મળેલી ફરિયાદ અને બાતમીના આધારે તપાસ ટીમ દ્વારા આકસ્મિક ચેકિંગ કરતા જિલ્લાના ખંભાત તાલુકાના વડગામ ખાતે આવેલી સરકારી ખરાબામાં સાદી માટી ખનીજના બિનઅધિકૃત ખાણકામ માલુમ પડ્યું હતું. જેથી ખાણ અને ખનીજ વિભાગની ટીમ દ્વારા સન પેટ્રો કેમિકલ્સ પ્રા લી. કંપનીના પેટા કોન્ટ્રાક્ટર એમ.એન. પ્રજાપતિ ના માલિકી હેઠળના કુલ 3 એક્સવેટર મશીન તથા 10 ડમ્પરો જપ્ત કરવામાં આવ્યાં છે, અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં વધી રહેલા ગેરકાયદે ખોદકામને લઈ ખાણ-ખનિજ વિભાગ પણ હરકતમાં આવ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### લુણાવાડાની પી.એન. પંડ્યા આર્ટ્સમાં વર્કશોપ ઓન ફ્લેગશિપ સ્કીમ્સ કાર્યક્રમ યોજાયો




**લુણાવાડા |** મહીસાગર જિલ્લામાં પીએન પંડ્યા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ ખાતે કેન્દ્ર સરકારની વિવિધ યોજના વિશે વર્કશોપ ઓન ફ્લેગશિપ સ્કીમ્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માય ભારતના જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલ ચોરમલે, ડિરેક્ટર આરસીઇટીઆઇના ભાનુપ્રકાશ સિંઘ, એલડીએમના એન. એન. શર્મા, ડી.ડી.એમ - નાબાર્ડના રાજેશ ભોંસલે, કોલેજના ઈનચાર્જ પ્રિન્સિપાલ જે. પી. ચૌધરી વિગેરે હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. અંતમાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત કોલેજના કેમ્પસમાં વૃક્ષો રોપીને કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

### આણંદ કૃષિ યુનિ. ખાતે પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલનાં વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

**આણંદ |** પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલના અંદાજે દોઢ સોથી વધારે વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીની શૈક્ષણીક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝીયમ, બીએ કોલેજ ઓફ એગ્રીકલ્ચર તથા કૃષિ હવામાનશાસ્ત્ર વિભાગની મુલાકાત લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓને કૃષિ શિક્ષણ તેમજ અલગ-અલગ વિભાગોની કામગીરીથી માહિતગાર કરવામાં આવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની મહાત્મા ગાંધી વિદ્યાલયમાં રાખી મેકિંગ સ્પર્ધા અને રક્ષાબંધન પર્વની ઉજવણી

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મહાત્મા ગાંધી વિદ્યાલય ઉચ્ચતર પ્રાથમિક વિભાગ મોગરી ખાતે રાખી મેકિંગ સ્પર્ધા અને રક્ષાબંધન પર્વ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.



રાખી મેકિંગ સ્પર્ધામાં કુલ 29 બાળકોએ ભાગ લીધો હતો. તેમાં ધોરણ દીઠ બે બે વિદ્યાર્થી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. બાદ રક્ષાબંધન પર્વ ઉજવણી ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી હતી. દરેક બહેને ભાઈની રાખડી બાંધી અને ભાઈઓએ બહેનને ભેટ આપી હતી. દરેક વિદ્યાર્થીને રક્ષાબંધનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. રક્ષાબંધન પર્વના ગીતો વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ રાકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### મહીસાગર જિલ્લાના નવા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે કૃપાબેન ઝાએ ચાર્જ સંભાળ્યો



**લુણાવાડા |** મહીસાગર જિલ્લાના નવા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે કૃપાબહેન ઝા એ ચાર્જ સંભાળ્યો છે. આ પ્રસંગે કાર્યકારી DPEO એસ.એલ. દામા અને જિલ્લા શિક્ષણ અધિકારી એન.ડી. મુનિયા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ (ABRSM) મહીસાગર જિલ્લાની ટીમ અને વિવિધ તાલુકાઓના પ્રમુખ હોદ્દેદારોએ કૃપાબેનનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મહાસંઘના જિલ્લા અધ્યક્ષ લક્ષ્મણભાઈ પટેલીયા અને મહામંત્રી પ્રદીપકુમાર પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઈનચાર્જ DPEO એસ.એલ. દામાને પણ તેમના સકારાત્મક અને ત્વરિત કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

### વીરપુરના ડેભારી ગામની સરસ્વતી હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાઇ

**વીરપુર |** વીરપુર તાલુકાના ડેભારી ગામની સરસ્વતી હાઈસ્કૂલ ખાતે પ્રેરણારૂપ કાર્યક્રમો સાથે સંપુર્ણ સપ્તાહ માટે વિશિષ્ટ આયોજનોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે શાળામાં સંસ્કૃત શ્લોક પઠન તથા સંસ્કૃત સંભાષણ જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી શાળાના વરિષ્ઠ અને પ્રેરણાસ્ત્રોત શિક્ષક અરવિંદભાઈ કે. પટેલે સંસ્કૃત ભાષાનું ઐતિહાસિક, સાહિત્યિક તથા આધ્યાત્મિક મહત્વ સરળ ભાષામાં વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ સત્વિક ઉર્જાથી ભરપૂર શ્લોકોનું ઉચ્ચારણ કર્યું હતું અને સંસ્કૃત ભાષાના સુભાષિતો અને ઋગ્વેદમંત્રોથી અલંકૃત બેનરો સાથે પરિસરમાં રેલી યોજવામાં આવી હતી.



### નડિયાદની આર.સી. મિશન શાળામાં ‘ ગુડ પેરેન્ટિંગ ’ અંગે સેમિનાર યોજાયો

**નડિયાદ |** શહેરની આર.સી. મિશન શાળા ખાતે મને ‘ગુડ પેરેન્ટિંગ’ અંગે સેમિનાર આચાર્ય વિશાલભાઈ મેક્વાનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે શિક્ષણવિદ્ શૈલેષ રાઠોડ, ડો.પ્રીતિ રાઠોડ, સંસ્થાના મેનેજર ફાધર આમ્બ્રોસ ડાભી, સીઆરસી-વંદનાબેન પીઠડિયા, જશુભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં વાલીઓ, બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેટ એક્ઝામમાં નડીઆદ તાલુકામાં પ્રથમ - પ્રજાપતિ કૃષ્ણલાલ મદનલાલ, તૃતીય - યાદવ દિવ્યા લવકુશભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન વિમલકુમાર મકવાણાએ કર્યું હતું. જ્યારે કાર્યક્રમના અંતે કેમ્પસમાં યાદગીરી રૂપે વૃક્ષારોપણ કરાયું હતું.



### બાકરોલમાં સ્પેક એન્જી.ના મિકેનિકલ વિભાગ અંતર્ગત વર્કશોપ યોજાયો



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, બાકરોલમાં મિકેનિકલ વિભાગ અંતર્ગત ‘એડેપ્ટિવ મેન્યુફેક્ચરીંગ યુસીંગ થ્રિડી પ્રિન્ટિંગ ટેક્નોલોજી’ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓને થ્રિડી પ્રિન્ટિંગ ટેક્નોલોજી વિષે માહિતી આપવાનો હતો. આ કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો. નાનક પમનાણી, આઇક્યુએસી કો-ઓર્ડીનેટર જય પટેલ અને કાર્યક્રમ કો-ઓર્ડીનેટર રોનક રાણા અને રીધમ પટેલના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે રુદ્રેન વ્યાસ અને ગૌરવ પટેલ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

### આણંદ શહેરની લો કોલેજ ખાતે નિ:શુલ્ક સ્વરક્ષણ પ્રશિક્ષણ યોજાઈ

**આણંદ |** આણંદના જાગૃત મહિલા સંગઠન તથા વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આણંદ લો કોલેજ ખાતે દિકરીઓ માટે નિ:શુલ્ક સ્વરક્ષણ પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. શિહાન જીગ્નેશ ઠક્કરે દિકરીઓને કરાટેની પ્રાથમિક તાલીમ અને સ્વરક્ષણની તાલીમ આપી હતી. જેમાં 13 દિકરીઓએ નિધિબહેનના માર્ગદર્શન હેઠળ ઉત્સાહભેર ભાગ લઈ આ શિબિરને સફળ બનાવી હતી. આ શિબિરના સમાપન સમારોહમાં જાગૃત મહિલા સંગઠનના આશાબહેન દલાલ, વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના ટેકનિકલ ડાયરેક્ટર જીગ્નેશ ઠક્કર, કોચ સહાયક માહી શાહ, આચાર્યા રેખાબેન તથા અમિતભાઈ અને નિધિબહેન ઉપસ્થિત રહ્યાં હતા.



### નડિયાદ કેડીસીસીની સહકાર મંત્રાલયના ડિરેક્ટરે મુલાકાત લીધી

**નડિયાદ |** નડિયાદ સ્થિત ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લી.ની સહકાર મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેશન) ભારત સરકારના ડિરેક્ટર સંજીવકુમાર દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ અમદાવાદના ચેરમેન અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા આંતરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025ની ઉજવણીના ઉપક્રમે બેંક કાર્યક્ષેત્રની-નડિયાદ તાલુકાની ડભાણ દૂધ ઉત્પાદક સહકરી મંડળી લી. તથા માતર તાલુકાની, નવાગામ સેવા સહકારી મંડળીની મુલાકત લઈને પેક્સ કોમ્પ્યુટરાઇઝેશન તથા માઇક્રો એટીએમ,તથા બેંક સાથી દ્વારા થતી પ્રવૃતિઓની માહિતી મેળવી હતી.



### ખંભાતની આરપી આર્ટ્સ, કેબી કોમર્સ અને બીસીજે સાયન્સમાં એક્સપર્ટ લેચર યોજાયું

**ખંભાત |** ખંભાત કોલેજ કેમ્પસ સ્થિત આરપી આર્ટસ, કેબી કોમર્સ અને બીસીજે સાયન્સ કોલેજ સંલગ્ન શરદકુમાર અને મંજુલાબેન હાંસોટી વાણિજ્ય અનુસ્નાતક ભવન ખાતે સંસ્થાના સેક્રેટરી ડો.બંકિમચંદ્ર વ્યાસના માર્ગદર્શન હેઠળ માસ્ટર ઓફ કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય નામના ધરાવનાર જગદીશ રાઈસ મિલ, જગદીશ અગ્રો પ્રો. પ્રાઇવેટ લિમિટેડ એન્ડ જગદિશ કોલ્ડ સ્ટોરેજના ચીફ એકઝીક્યુંટીવ આનંદ ઠક્કર અને તેમની પત્ની રિંકલબહેન દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસી બનવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી અને સ્ટાર્ટઅપ ઇન્ડિયાની જુદી જુદી યોજનાઓની સમજ આપી હતી.



### લુણાવાડાની એસકે હાઈસ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી

**લુણાવાડા |** શહેરની એસકે હાઈસ્કૂલ અને રાજમહેલ બ્રાન્ચ ખાતે રક્ષાબંધનના પવિત્ર તહેવારની પૂર્વ સંધ્યાએ રાખીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધોરણ 1થી 12ના નાના ભૂલકાઓથી માંડીને મોટા વિદ્યાર્થીઓ સુધી સૌ કોઈ જોડાયા હતા. શાળાની વિદ્યાર્થિનીઓએ પોતાના હાથે બનાવેલી સુંદર રાખડીઓ વિદ્યાર્થીઓના કાંડા પર બાંધી હતી. આ ઉપરાંત, કેટલાક વિદ્યાર્થીઓએ ચિત્ર દ્વારા ભાઈ-બહેનના પ્રેમ અને પવિત્ર સંબંધને રજૂ કરીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય પ્રદીપકુમાર ડી. પટેલ દ્વારા તમામ બાળકોને રક્ષાબંધનના પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. લુણાવાડા કેળવણી મંડળના પ્રમુખ મુનેન્દ્રભાઈ પટેલ દ્વારા આ પ્રેરણાદાયક કાર્યક્રમ બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

